25

સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટેની વહીવટી મંજૂરી વિભાગ હેઠળની વિવિધ રેન્જ કચેરીઓમાં વનરક્ષક અને વનપાલની ભરતી બાબત.

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૮/૮૮/ડ.૨

સચિવાલય, ગાંધીનગર.

તા. 25 APR 2018

વંચાણે લીધા:-

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ગાંધીનગરના પત્ર ક્રમાંક:- બજટ/ટે-૨૭/અ/૫૭૮-૭૯, તા.૦૧/૦૨/૧૮.

ઠરાવ

વન અને પર્યાવરણ વિભાગ હસ્તકની વનરક્ષક વર્ગ-૩ અને વનપાલ વર્ગ-૩ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા સને ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં આ યોજના માટે વિભાગ-૧ નવી બાબતે કૂલ રૂ.૫૦૦.૦૦ લાખ (પાંચસો લાખ પુરા) ની જોગવાઇ કરવામાં આવી છે, જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

૨. આ અંગે પુખ્ત વિચારણા અંતે, અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગાંધીનગરના ઉપર વંચાણે લીધા ક્રમાંક ૧ માં દર્શાવેલ તા.૦૧/૦૨/૨૦૧૮ના પત્રથી જણાવેલ આ યોજના હેઠળના ગુજરાતના વિવિધ વન વિભાગો હેઠળની રેન્જ કચેરીઓમાં વનરક્ષક તથા વનપાલની ભરતી માટે લેવાનાર લેખિત પરીક્ષાના આયોજન/હાથ ધરવા માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને આધિન સને ૨૦૧૮-૧૯ના સમગ્ર વર્ષ માટે કૂલ રૂ.૫૦૦.૦૦ લાખ (પાંચસો લાખ પુરા)ના ખર્ચની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

મંજુર થયેલ રકમ

| | |
|---|---|
| આવર્તક | : શુન્ય |
| અનાવર્તક | : રૂ. ૫૦૦.૦૦ લાખ |
| કૂલ | : રૂ. ૫૦૦.૦૦ લાખ |

૩. આ અંગે હાથ ધરનાર કામ અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં | મંજુર કરેલ કામની વિગતો | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | વિભાગ હેઠળની વિવિધ રેન્જ કચેરીઓમાં વનરક્ષક અને વનપાલની ભરતી બાબત. | ૫૦૦.૦૦ |
| | | ૫૦૦.૦૦ |

શરતો:

1) આ જગ્યાઓ ગૌણ સેવા મંડળના કાર્યક્ષેત્રમાંથી મુક્તિ મેળવીને ભરવાની સરકારની મંજૂરી મળ્યા બાદ સમય મર્યાદામાં ભરવાની રહેશે અને તે સમય મર્યાદા વીતી જાય તેમ હોય તો તે પુરતો અગાઉથી તેવી મંજૂરી મેળવીને જ કાર્યવાહી કરવાની રહેશે.
2) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
7) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
8) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાનાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
9) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
10) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઇનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
11) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.
12) જે તે જગ્યાઓના પગાર ધોરણો ROP-2006/ROP-2016/Pay-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.
13) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો વખત થયેલ સુધારા લાગુ પડવાના રહેશે.
14) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

15) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો, પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

16) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

17) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

18) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પુરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૧૮-૧૯ના વર્ષની ગ્રાન્ટ માંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | ૨૬ |
| મુખ્ય સદર | ૨૪૦૬ - (૦૨) પ્રભાગીય કચેરી |
| પેટા મુખ્ય સદર | ૦૧ - વન નિર્માણ |
| પેટા સદર | ૦૨ – પ્રભાગીય કચેરીઓ |
| ગૌણ સદર | ૦૦૧- નિર્દેશ અને વહીવટ |

૪. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણાં સલાહકારશ્રી અને સચિવશ્રી (ખર્ચ)ની તા.૦૭/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ગગુભા રાજ)
ઉપસચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ:-

1) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
2) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વહીવટ અને આઇ.ટી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
3) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
4) એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
5) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
6) વન અને પર્યાવરણ વિભાગ, બજેટ શાખા
7) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8) નાણાં સલાહકારશ્રી, (વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9) સબંધિત નાયબ સેક્શન અધિકારીની સિલેક્ટ ફાઇલ.
10) શાખા સિલેક્ટ ફાઇલ.
11) સીસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, IWDMS પર મુકવા માટે.